BUSINESS મિત્ર

સેન્સેક્સ-નિફ્ટી નેગેટિવ, પણ રોકાણકારોની સંપત્તિમાં રૂ. 2.62 લાખ કરોડનો વધારો

શેરબજારમાં બેઉતરફી વધઘટ સાથે સપાટ બંધ: રોકડાના શેરોમાં ફરીથી ધૂમ મચી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 2: નવા નાણાકીય વર્ષમાં ભારતીય શેરબજારે નવી ઐતિહાસિક સપાટી બનાવી હતી, પણ આજે મિશ્ર વલણ રહ્યું હતું અને ઉપલા સ્તરેથી નફાવસુલીનું દબાણ જોવાયું હતું. જોકે, શેરબજારમાં આજે રોકડાના શેરોમાં ધીમો સુધારો આઘળ વધતો જોવા મળ્યો હતો. જેના લીધે મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં એક ટકાથી વધુનો વધારો જોવાયો હતો. જેથી શેરબજારમાં રોકડાના શેરોની આગેવાની હેઠળ માર્કેટ બ્રેડથ મજબૂત રહી હતી અને રોકાણકારોની સંપત્તિમાં અઢી લાખ કરોડની વૃદ્ધિ થવા પામી હતી.

બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપિટલાઈઝેશન 1લી એપ્રિલ રોજ વધીને રૂ. 395.67 લાખ કરોડ થયું હતું, જે ગત સેસનમાં રૂ. 393.15 લાખ કરોડ હતું. જેથી બીએસઇની લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપમાં લગભગ રૂ. 2.52 લાખ કરોડની વૃદ્ધિ થવા પામી છે.

આજે ઓટો શેરોમાં લેવાલી રહી હતી, જેના લીધે નિફ્ટી ઓટો ઈન્ડેક્સ 1.07 ટકા વધ્યા હતા. જેમાં મહિન્દ્રા-મહિન્દ્રા 3.11 ટકા, બજાજ ઓટો 2.62 ટકા, બાલકૃષ્ણ ઈન્ડ. 1.97 ટકા, બોશ 1.96 ટકા, તાત મોટર્સ 1.31 ટકા, એમઆરએફ 1.3 ટકા, એકસાઇડ ઈન્ડ.માં 1.27 ટકા, અપોલો ટાયર 1.18 ટકા, અશોક લેલેન્ડ 0.97 ટકા અને તાતા મોટર્સ-ડીવીઆર 0.89 ટકા વધ્યા હતા. બીજી તરફ, હીરો મોટો કોર્પ 2.58 ટકા, આઈશર મોટર 0.69 ટકા ઘટયા હતા.

રૂપિયો પ્રત્યાઘાતી સુધારો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 2: અમેરિકી ડોલરની સામે રૂપિયો સુધર્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 3 પૈસા સુધરીને 83.38ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેસનમાં ડોલરની સામે રૂપિયો 83.41ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 89.66, પાઉન્ડ 104.83, કેનેડિયન ડોલર 61.48, ઓસ્ટ્રેલિયન ડોલર 54.22, જાપાનીઝ યેન 0.5499 અને સીંગાપોર ડોલર 61.68ના સ્તરે બંધ રહ્યા હતા.

સેન્સેક્સ 111 પોઇન્ટ અને નિફ્ટી 9 પોઇન્ટ ઘટ્યા

ભારતીય શેરબજારમાં સેન્સેક્સ 110.64 પોઇન્ટ એટલે કે 0.15 ટકા ઘટીને 73903.91 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 74100 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 73744 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 8.70 પોઇન્ટ એટલે કે 0.04 ટકા ઘટીને 22453.30 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 22497 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22388 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 32.80 પોઇન્ટ એટલે કે 0.07 ટકા ઘટીને 47545.45 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બ્રોડર માર્કેટમાં સુંદર પ્રદર્શન જોવાયું હતું. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 1.14 ટકા ઉછળ્યા હતા, જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સ 1.28 ટકા વધ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત જોવાઇ હતી. બીએસઇ ખાતે 2847 શેરો વધ્યા હતા, જ્યારે 1004 શેરો ઘટયા હતા અને 108 શેરો યથાવત રહ્યા હતા.

બીએસઇ ખાતે સેન્ચુરી પ્લાયબોર્ડસમાં 47.39 ગણા, એબી ફેશન્સમાં 15.68 ગણા, પેજ ઈન્ડ.માં 15.24 ગણા, વેરોક એન્જીનીયરીંગમાં 4.14 ગણા અને એબી કેપિટલમાં 3.77 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે એબી ફેશનમાં 28.17 ગણા, એબી કેપિટલમાં 11.96 ગણા, વેરોક એન્જીનીયરીંગમાં 9.85 ગણા, સેન્ચુરી પ્લાયબોર્ડમાં 7.88 ગણા અને તાન્લા પ્લેટફોર્મમાં 7.26 ગણા કામકાજ નોંધાયા છે.

એનએસઇ એસએમઇ નમન ઈન સ્ટોરના આઈપીઓનું આજે 40.45 ટકા પ્રીમિયમ સાથે રૂ. 125ના ભાવે લિસ્ટીંગ થયું હતું. જે કંપની રૂ. 89ના ભાવે ઓફર કરાયો હતો. જે 206 ગણો છલકાયો હતો.

મોટા ભાગના એશિયન બજારો અને યુરોપિયન બજારો ઉછળ્યા

વૈશ્વિક સ્તરે મોટા ભાગના એશિયન અને યુરોપિયન બજારોમાં સુધારો જોવા મલ્યો હતો. રોકાણખારો યુએસ લેબર માર્કેટ વધુ સમજ માટે નોકરીના ડેટાની રાહ જોઇ રહ્યા હતા. અમેરિકાના મોટાભાગના બજારો બંધ રહ્યા હતા અને બીજા કવાર્ટરની શરૂઆત કરી હતી, જેથી ત્રણેય ઈન્ડેકસ વિક્રમી ઉંચાઇએ લાવ્યા હતા. યુએસ મેન્યુફેકચરીંગ માર્ચ અડધાથી એક વર્ષમાં પ્રથમ વખત બન્યું છે. ઈન્સ્ટીટ્યુટ ફોર સપ્લાય મેનેજમેન્ટે સોમવારે જણાવ્યું હતું કે, મેન્યુફેકચરીંગ પીએમઆઇ ઈન્ડેકસ વધીને 50.3 થઈ. જેના લીધે એશિયન અને યુરોપિયન બજારો સુધારા તરફી રહ્યા હતા.

યુરોપિયન બજારમાં એફટીએસઇ 0.23 ટકા સુધઆરા તરફી રહ્યા હતા, જ્યારે કેક 0.08 ટકા અને ડેક્સ 0.14 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.09 ટકા, સ્ટ્રેઇટસ 0.40 ટકા, હેંગસેંગ 2.30 ટકા, તાઈવાન 1.19 ટકા, કોસ્પી 0.19 ટકા, જકાર્તા 0.44 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે શાંઘાઇ 0.08 ટકા ઘટયા હતા.

સેન્સેક્સ	-110.64	73903.91
નિફ્ટી	-8.70	22453.30
બેન્ક નિફ્ટી	-32.80	47545.45

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
તાતા કન્ઝયુમર	4.07	1131.15
મહિન્દ્રા-મહિન્દ્રા	2.92	1971.95
બજાજ ઓટો	2.59	9276.10
બીપીસીએલ	2.51	615.80
અદાણી પોર્ટસ	2.05	1404.15

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
હીરો મોટોકોર્પ	2.56	4560.80
કોટક મહિન્દ્રા બેન્ક	1.86	1757.40
એચસીએલ ટેકનો	1.82	1528.30
ICICI બેન્ક	1.68	1081.20
એસબીઆઇ લાઇફ	1.30	1470.60

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
મહિન્દ્રા-મહિન્દ્રા	2.89	1970.70
નેસલે ઇન્ડિયા	1.42	2622.70
તાતા મોટર્સ	1.40	1006.00
એસબીઆઇ	1.21	767.35
ઇન્ડસઇન્ડ બેન્ક	1.11	1558.25

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
કોટક બેન્ક	1.84	1756.65
એચસીએલ ટેકનો	1.82	1528.10
ICICI બેન્ક	1.52	1082.50
સન ફાર્મા	0.90	1616.10
ઇન્ફોસીસ	0.84	1483.20

સિમેન્ટના ભાવ વધારાના અહેવાલોના પગલે સિમેન્ટ શેરોમાં ઉછાળો જોવાયો

નવી દિલ્હી, તા. 2: સિમેન્ટ કંપનીઓએ દેશભરમાં બેગ દીઠ સરેરાશ રૂ.10થી 15ની રેન્જમાં ભાવવધારો લીધો હોવાના અહેવાલોમાં જણાવવામાં આવ્યું હોવાથી 2જી એપ્રિલે સિમેન્ટના શેરમાં ઉછાળો નોંધાયો હતો. જ્યારે અલ્ટ્રાટેક સિમેન્ટ, શ્રી સિમેન્ટ્સ, અંબુજા સિમેન્ટ્સ, એસીસી અને દાલમિયા ભારતના શેર એકથી ત્રણ ટકાના વધારા સાથે કારોબાર કરી બંધ થયા છે.

વિવિધ પ્રદેશોની સિમેન્ટ કંપનીઓએ ઉત્તરમાં બેગ દીઠ રૂ.10-15થી લઈને મધ્ય અને પૂર્વમાં બેગ દીઠ રૂ.40 સુધીના ભાવ વધારાની જાહેરાત કરી છે. જો કે, ડીલરોને અપેક્ષા છે કે આ વધારો બેગ દીઠ 10-20 રૂપિયા પર જળવાઈ રહેશે. પશ્ચિમમાં કંપનીઓએ 20 રૂપિયા પ્રતિ બેગ વધારવાની જાહેરાત કરી છે. માર્ચમાં સ્ટોકિંગ, હોળી અને લોકસભાની ચૂંટણીને કારણે મજૂરોની અછત જેવા પરિબળો એપ્રિલમાં સિમેન્ટની માંગને અસર કરી શકે છે. વિશ્લેષકોએ જણાવ્યું હતું કે, જાહેર કરવામાં આવેલા ભાવ વધારાને જાળવી રાખવામાં આવશે કે કેમ તે અંગે ડીલર્સ સાવધ છે. આનંદ રાઠી રિસર્ચ લાર્જ કેપ્સમાં શ્રી સિમેન્ટ અને અલ્ટ્રાટેક સિમેન્ટની તરફેણ કરે છે. પ્રભુદાસ લિલાધરે ભાવવધારાને કારણે દક્ષિણના વિસ્તારમાં અલ્ટ્રાટેક, રેમકો અને સાગર સિમેન્ટને મુખ્ય લાભાર્થીઓ તરીકે ઓળખાવ્યા છે, જ્યારે જેકે સિમેન્ટ, શ્રી સિમેન્ટ, જેકેએલસી અને અંબુજા ઉત્તરીય ક્ષેત્રમાં અને અંબુજા, અને પશ્ચિમ વિસ્તારમાં અંબુજા, બિરલા કોર્પ અને અલ્ટ્રાટેકની તરફેણ કરે છે.

વિશ્લેષકોએ જણાવ્યું હતું કે ઊંચી બેઝલાઇનથી પુનઃમાપાંકન બાદ મધ્યમ ગાળામાં માગ વૃદ્ધિમાં ઘટાડો થવાની ધારણા છે. નાણાકીય વર્ષ 24 માટે કેન્દ્રીય બજેટમાં આવાસ અને મૂડીગત ખર્ચ પર ધ્યાન કેન્દ્રિત કરવાની સાથે ચૂંટણી પહેલાના વર્ષે નાણાકીય વર્ષ 2024માં સિમેન્ટ વોલ્યુમ ગ્રોથ 8થી 9 ટકા સુધી પહોંચવાનું અનુમાન છે. જોકે, ચાલુ નાણાકીય વર્ષના ઉત્તરાર્ધથી વોલ્યુમ ગ્રોથમાં મંદી જોવા મળી છે, જેમાં આ ટ્રેન્ડ ચાલુ રહેવાની ધારણા છે.

આરબીઆઇ રેપો રેટમાં ફેરફાર કરશે કે નહીં

નાણાકીય વર્ષ 25ના ત્રીજા ક્વાર્ટરમાં આરબીઆઇ રેપો રેટમાં ઘટાડો કરી શકે છે: એસબીઆઇ

નવી દિલ્હી, તા. 2: દર બે મહિના બાદ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઇ) મોનેટરી પોલિસી કમિટીને મળે છે. 3 એપ્રિલ, 2024 થી નાણાકીય વર્ષ 2024-25 ની પ્રથમ ત્રિમાસિક નાણાકીય સમીક્ષા બેઠક શરૂ થશે. નવું નાણાકીય વર્ષ દર વર્ષે 1 એપ્રિલથી શરૂ થાય છે, જે 31 માર્ચે સમાપ્ત થાય છે. એસબીઆઈના મુખ્ય આર્થિક સલાહકાર સૌમ્યા કાંતિ ઘોષે આરબીઆઈ એમપીસીની આવતીકાલથી શરૂ થઈ રહેલી બેઠક (એમપીસી)ને લઈને એક રિસર્ચ રિપોર્ટ જાહેર કર્યો છે.

આ રિપોર્ટમાં અંદાજ લગાવવામાં આવ્યો છે કે આ વખતે પણ આરબીઆઈ રેપો રેટમાં ઘટાડો નહીં કરે. તેમણે કહ્યું કે આ વખતે પણ આરબીઆઈ રેપો રેટ પર પોતાનું વલણ બદલશે નહીં.

નાણાકીય વર્ષ 2024-25 ની એમપીસીની પ્રથમ બેઠક 3 એપ્રિલ 2024થી શરૂ થશે. આ બેઠકમાં લેવાયેલા નિર્ણયોની જાહેરાત આરબીઆઈ ગવર્નર દ્વારા 5 એપ્રિલ 2024ની સવારે કરવામાં આવશે. હાલ રેપો રેટ 6.5 ટકા છે. સૌમ્યા કાંતિ ઘોષે જણાવ્યું હતું કે મધ્યમ ઈંધણના ભાવોની સાથે ખાદ્ય પદાર્થોના ભાવમાં અસ્થિરતા ફુગાવાને અસર કરી રહી છે. કન્ઝ્યુમર પ્રાઇસ ઈન્ડેક્સ (સીપીઆઇ) અનુસાર, દેશમાં ફુગાવાનો દર ઘણો સારો રહ્યો છે. અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે લગભગ 2 ટકાનો ફુગાવો દેશની અર્થવ્યવસ્થા માટે સારો છે. ખાદ્ય પદાર્થોના ભાવમાં ફેરફાર કરવાથી સ્થાનિક ફુગાવો નક્કી થશે. નાણાકીય વર્ષ ૨૪ ના બાકીના મહિનાઓમાં સીપીઆઈ ફુગાવો ૫ ટકાથી થોડો ઉપર રહેવાની ધારણા છે. ઘોષે પોતાના રિપોર્ટમાં જણાવ્યું હતું કે કોર સીપીઆઇ ઘટીને 3.37 ટકા થઈ ગઇ છે, જે 52 મહિનાનું નીચું સ્તર છે. આ વર્ષે જુલાઈ સુધીમાં ફુગાવો ઘટવાની ધારણા છે. જો કે, ત્યારબાદ સપ્ટેમ્બરમાં તે વધીને 5.4 ટકાની ટોચ પર પહોંચી જશે, ત્યારબાદ તેમાં ઘટાડો થશે. સંપૂર્ણ નાણાકીય વર્ષ 2025 માટે, સીપીઆઈ ફુગાવો સરેરાશ 4.5 ટકા (નાણાકીય વર્ષ 24 - 5.4 ટકા) રહેવાની સંભાવના છે.

માહે રમઝાન

રોઝો-૨૩ તા. ૩-૪-૨૦૨૪ બુધવાર
ઈફતારીનો વકતઃ ૬-૫૯

રોઝો-૨૪ તા. ૪-૪-૨૦૨૪ ગુરુવાર
સહેરીનો આખરી વકતઃ ૫-૦૫

તાતા ટેક્નોલોજીસ અને BSW પૂણે, બેંગલુરુ અને ચેન્નાઇમાં સોફ્ટવેર અને IT ડેવલપમેન્ટ હબ સ્થાપિત કરશે

નવી દિલ્હી, તા. 2: તાતા ટેક્નોલોજીસ અને બીએમડબલ્યુ ગ્રુપે સંયુક્ત સાહસ સ્થાપવા માટે કરાર કર્યા છે. આ કરાર હેઠળ બંને કંપનીઓ પુણે, બેંગલુરૂ અને ચેન્નાઈમાં ઓટોમોટિવ સોફ્ટવેર અને આઈટી ડેવલપમેન્ટ હબ સ્થાપશે. ટાટા ટેક્નોલોજીસે સ્ટોક એક્સચેન્જ ફાઈલિંગમાં આ વિશે માહિતી આપી છે.

આ સંયુક્ત સાહસમાં બંને કંપનીઓનો 50-50 ટકા હિસ્સો હશે. આ સમાચાર બાદ ટાટા ટેક્નોલોજીસના શેરમાં 6 ટકાથી વધુની તેજી જોવા મળી રહી છે. બપોરે 12 વાગ્યે કંપનીનો શેર 67 રૂપિયાના વધારા સાથે 1,117.50 ના સ્તર પર કારોબાર કરી રહ્યો હતો.

તાતા ટેકનોલોજીસના સીઈઓ અને એમડી વોરેન હેરિસે જણાવ્યું હતું કે, બીએમડબલ્યુ ગ્રુપ સાથેનો અમારો સહયોગ વિશ્વભરના ગ્રાહકોને ઓટોમોટિવ સોફ્ટવેર અને ડિજિટલ એન્જિનિયરિંગ માટે ટોપ-ટાયર સોલ્યુશન પ્રદાન કરવાની અમારી પ્રતિબદ્ધતા દર્શાવે છે. એક વધુ સારી દુનિયાનું નિર્માણ કરવાના અમારા દ્રષ્ટિકોણને અનુરૂપ, અમે અમારી કુશળતાને આગળ લાવવા માટે ઉત્સાહિત છીએ.

બીએમડબલ્યુ ગ્રૂપની પ્રીમિયમ પ્રોડક્ટ્સને એન્જિનિયર કરવામાં મદદ કરવી, તેમના ગ્રાહકોને ઉત્તમ ડિજિટલ અનુભવો પૂરા પાડવા અને તેમના વ્યવસાયમાં ડિજિટલ ટ્રાન્સફોર્મેશનની સફર ચલાવવી.

ટાટા ટેક્નોલોજીસના ઓટોમોટિવ સેલ્સના પ્રેસિડેન્ટ નચિકેત પરાંજપેએ જણાવ્યું હતું કે, અમે બીએમડબલ્યુ ગ્રૂપ સાથે મળીને વાહન એન્જિનિયરિંગમાં અમારા ડીપ ડોમેન નોલેજ અને એસડીવી કુશળતાનો ઉપયોગ કરીશું, જે માત્ર તકનીકી રીતે જ અદ્યતન નથી. ઊલટાનું, વિશ્વભરના ગ્રાહકોને અપવાદરૂપ અનુભવો પૂરા પાડે છે.

આંતરરાષ્ટ્રીય સરખામણીએ ભારતમાં સોફ્ટવેર કૌશલ્ય ધરાવતા પ્રતિભાશાળી લોકો મોટી સંખ્યામાં છે, જેઓ આપણી સોફ્ટવેર ક્ષમતામાં પ્રદાન કરી શકે છે.

તેમણે કહ્યું હતું કે, બીએમડબલ્યુ ગ્રૂપ સાથે વ્હીકલ સોફ્ટવેર વિકસાવવાનો અર્થ છે ટોપ ક્લાસ પ્રોસેસિંગ ટૂલ્સ સાથે કામ કરવું. જે બદલામાં ભારતીય સોફ્ટવેર ઈજનેરોને ઉચ્ચ કક્ષાનો ઓટોમોટિવ અનુભવ આપે છે.

વિસ્તારાની 50થી વધુ ફ્લાઇટ્સ રદ, ડીજીસીએએ અહેવાલ માગ્યો

નવી દિલ્હી/મુંબઈ, તા. 2 ટાટા ગ્રૂપની એરલાઇને પાયલોટની અનુપલબ્ધતા વચ્ચે સતત બીજા દિવસે મંગળવારે 50થી વધુ ફ્લાઇટ્સ રદ કરી હોવાથી ઉડ્ડયન નિરીક્ષણ કરતી સંસ્થા DGCAએ વિસ્તારાને ફ્લાઇટ્સ રદ કરવા અને વિલંબ અંગે દૈનિક અહેવાલ રજૂ કરવા જણાવ્યું છે.

નાગરિક ઉડ્ડયન મંત્રાલય વિસ્તારા ખાતે ફ્લાઇટ રદ થવાની પરિસ્થિતિ પર પણ નજર રાખી રહ્યું છે, જેમાં તાજેતરના ભૂતકાળમાં ઓછામાં ઓછા 15 વરિષ્ઠ પ્રથમ અધિકારીઓના રાજીનામા જોવા મળ્યા હતા. 31 માર્ચથી શરૂ થયેલા ઉનાળાના સમયપત્રક મુજબ, એરલાઇન દરરોજ 300 થી વધુ ફ્લાઇટ્સનું સંચાલન કરવાની છે. તેમાં લગભગ 800 પાયલોટ છે. સૂત્રોએ મંગળવારે જણાવ્યું હતું કે, વિસ્તારા પાયલોટ્સના એક વર્ગે પગાર વધારા મામલે વિરોધ ચાલુ રાખ્યો હોવાથી, ઓછામાં ઓછા 15 વરિષ્ઠ પ્રથમ અધિકારીઓએ તાજેતરમાં એરલાઈનમાંથી રાજીનામું આપ્યું છે. એર ઈન્ડિયા સાથે વિલિનીકરણની પ્રક્રિયામાં રહેલી એરલાઇને તેના પાયલોટ માટે નવા કરાર રજૂ કર્યા છે જે એર ઈન્ડિયાના પગાર સાથે સમાનતા લાવવા માંગે છે.

યાર્ન બજાર — જીએસટી સાથેના ભાવ સુરત નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન રૂા.		૭૫/૩૬ ''	૧૨૧	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૭૯.૭૫	૫૦/૩૬ ''	૧૨૯	૮૦/૭૨ બ્લેક રોટો	૧૪૨
૩૦/૩૬ એફડી	૨૯૬.૫૦	૫૦/૪૮ SD/ક્રેપ	૧૬૫	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૨૯
૬૨/૩૬ ક્રિમ્પ	૧૩૨	૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૭	૩૦/૧૪ ક્રિમ્પ	૧૭૩
૬૮/૩૬	૧૨૯	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૩૩
૭૨/૩૬ ક્રિમ્પ	૧૨૭	૧૦૦ ટેક્ષ	૧૨૬	૬૮ ક્રિમ્પ	૧૩૦
૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૩	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૨૮
૮૪/૪૮ ક્રિમ્પ	૧૨૪	૮૦/૭૨ રોટો	૧૨૯	૭૫ ક્રિમ્પ	૧૨૭
૩૦/૧૪ ક્રિમ્પ	૧૮૫	૮૦/૭૨ ફોલ્ડર	૧૪૨	૮૦ ક્રિમ્પ	૧૨૪
૮૦/૭૨ રોટો.	૧૨૮	૧૬૦ ડીસ્કેટ	૧૫૦	૮૦/૭૨ રોટો	૧૨૯
૮૦/૩૬ રોટો.	૧૨૭	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૧૯	૮૦/૧૦૮ ''	૧૩૯	૩૦/૩૬ એફડી	---

બાબા રામદેવને વિવાદોમાં રહેવાની અને પ્રસિદ્ધ મેળવવાની આદત પડી ગઈ છે



ટુ ધ પોઇન્ટ — સમકિત શાહ

સુપ્રીમ કોર્ટમાં બાબા રામદેવ અને એલોપથી પદ્ધતિ વચ્ચે જંગ ચાલી રહ્યો છે. બાબા રામદેવે તેમની યોગશિબિરો દ્વારા અને પતંજલિની પ્રોડક્ટો દ્વારા યોગ તેમ જ આયુર્વેદને ઘર ઘર સુધી પહોંચાડવાનું કાર્ય કર્યું છે. કોલગેટ જેવી વિદેશી કંપનીઓ દાયકાથી ટૂથપેસ્ટ તરીકે ચૂનાનો પાવડર વેચીને પોતાનું ગાડું ગબડાવતી હતી. બાબા રામદેવે બજારમાં હર્બલ ટૂથપેસ્ટ મૂકીને કોલગેટ બનાવતી કંપનીને પણ હર્બલ ટૂથપેસ્ટ બજારમાં મૂકવા મજબૂર કરી દીધી હતી. હિન્દુસ્તાન લિવર નામની વિદેશી કંપની ભારતની સાબુની બજાર પર મોનોપોલી ધરાવતી હતી. બાબા રામદેવે પતંજલિના સાબુ દ્વારા તેની મોનોપોલી પણ તોડી કાઢી હતી. એલોપથી પદ્ધતિમાં બ્લડ પ્રેશર, કોલેસ્ટરોલ, ડાયાબિટીસ, હૃદય રોગ, કેન્સર વગેરે જટિલ રોગોનો કોઈ ઈલાજ નથી; તેમ છતાં ડોક્ટરો અને હોસ્પિટલો મોંઘાદાટ ઇલાજો સૂચવી દર્દીને લૂંટતા હતા.

બાબા રામદેવે યોગ તેમ જ આયુર્વેદના માધ્યમથી અસાધ્ય રોગોના ઇલાજના દાવા કર્યા હતા, જેને કારણે કરોડો રૂપિયાની કમાણી કરતાં એલોપથી ડ્રગ્સના ઉત્પાદકોના પેટમાં તેલ રેડાયું હતું. દુનિયામાં જ્યારે કોરોના ત્રાટક્યો ત્યારે એલોપથીના ડોક્ટરો દ્વારા જાહેર કરાયું હતું કે તેમની પાસે કોરોનાનો કોઈ ઈલાજ નથી; ત્યારે બાબા રામદેવે દેશી દવાની પડીકી દ્વારા કોરોનાના દર્દીને સાજા કરવાનો દાવો કર્યો હતો. ડોક્ટરો અને દવા કંપનીઓ બાબા રામદેવ સામે હરીફાઈમાં થાકી ગયા ત્યારે તેમણે ઇન્ડિયન મેડિકલ એસોસિયેશનના માધ્યમથી પતંજલિ કંપની સામે સુપ્રીમ કોર્ટમાં કેસ ઠોકી દીધો હતો કે બાબા રામદેવ પતંજલિ કંપનીના માધ્યમથી જાદુઈ ચિકિત્સાના જૂઠા દાવા કરીને લોકોને ગેરમાર્ગે દોરે છે. સુપ્રીમ કોર્ટને પણ તેમાં તથ્ય જણાતા તેણે પતંજલિને તેની તમામ ભ્રામક જાહેરાતો પાછી ખેંચી લેવાનો આદેશ કર્યો હતો. બાબા રામદેવ ઉપર તો કોર્ટના તિરસ્કારનો કેસ પણ થયો હતો, જેને કારણે તેમને સુપ્રીમ કોર્ટની માફી માગવાની ફરજ પડી હતી. બાબા રામદેવે કોર્ટની માફી માગી લીધી તેને કારણે પતંજલિની બ્રાન્ડ વેલ્યુમાં ઘટાડો થયો છે.

બાબા રામદેવ આધુનિક દવાઓને લઈને વિવાદાસ્પદ નિવેદનો આપતા રહ્યા છે. કોરોના કાળમાં બાબા રામદેવે દાવો કર્યો હતો કે એલોપેથી એ મૂર્ખ વિજ્ઞાન છે અને ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા દ્વારા મંજૂર કરાયેલ રેમડેસિવીર, ફેવિફ્લુ અને અન્ય દવાઓ કોવિડ -૧૯ દર્દીઓની સારવાર કરવામાં નિષ્ફળ ગઈ છે. એક વીડિયોમાં રામદેવે એવો પણ દાવો કર્યો હતો કે લાખો દર્દીઓ ઓક્સિજનના અભાવે નહીં પણ એલોપેથિક દવાઓના કારણે મૃત્યુ પામ્યા છે. પતંજલિ આયુર્વેદના સ્થાપકે ઇન્ડિયન મેડિકલ ને એસોસિયેશનને એક ખુલ્લો પત્ર પણ લખ્યો હતો અને તેમને એલોપેથી સંબંધિત ૨૫ પ્રશ્નો પૂછ્યા હતા. તેમણે તેમના ટ્વિટર પ્રોફાઇલ પર શેર કરેલા પત્રમાં લખ્યું હતું કે જો એલોપેથી તમામ શક્તિશાળી અને સર્વગુણ સંપન્ન હોય તો ડોક્ટરોએ બીમાર ન પડવું જોઈએ. તત્કાલીન કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડો.હર્ષ વર્ધને બાબા રામદેવને પત્ર લખીને તેમનું નિવેદન પાછું ખેંચવા કહ્યું હતું. ઈન્ડિયન મેડિકલ એસોસિએશને પણ તેમની ટિપ્પણી સામે વાંધો ઉઠાવ્યો હતો. પરિણામે બાબા રામદેવે સોશિયલ મીડિયા પર એક પત્ર જારી કરીને ખેદ વ્યક્ત કર્યો અને કહ્યું કે તેઓ આધુનિક મેડિકલ સાયન્સ અને એલોપેથીની વિરુદ્ધ નથી.

કોવિડના કેસોમાં વધારો વચ્ચે પતંજલિએ હરિદ્વાર સ્થિત દિવ્ય પ્રકાશન પતંજલિ સંશોધન સંસ્થામાં વિકસિત કોરોનિલ ટેબ્લેટ લોન્ચ કરી હતી. તેમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે તે સાત દિવસમાં કોવિડ-૧૯ને મટાડે છે. કોરોનિલના લોન્ચિંગ કાર્યક્રમમાં તત્કાલીન કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડો. હર્ષવર્ધન પોતે રામદેવ સાથે સ્ટેજ પર જોવા મળ્યા હતા. ઈન્ડિયન મેડિકલ એસોસિએશને તેની સામે સખત વાંધો વ્યક્ત કર્યો હતો. પતંજલિ આયુર્વેદે તે સમયે દાવો કર્યો હતો કે WHO ની સર્ટિફિકેશન સ્કીમ મુજબ કોવિડની સારવારને ટેકો આપવા માટે આયુષ મંત્રાલય દ્વારા ટેબ્લેટને દવા તરીકે પ્રમાણિત કરવામાં આવી છે. પાછળથી સ્પષ્ટતા કરવામાં આવી હતી કે પ્રમાણપત્ર કેન્દ્ર દ્વારા આપવામાં આવ્યું હતું અને WHO કોઈપણ દવાને મંજૂરી કે નામંજૂર કરતું નથી.

અન્ય એક વાયરલ વીડિયોમાં બાબા રામદેવે દાવો કર્યો હતો કે કોરોના વાયરસની રસીના બંને ડોઝ લીધા પછી પણ ભારતમાં ૧૦,૦૦૦ થી વધુ ડોકટરોના મોત થયા છે. વીડિયોમાં બાબા રામદેવ વાયરસ સામે ફેફસાંને મજબૂત કરવા માટે યોગાભ્યાસના ફાયદાઓ વિશે સલાહ આપતા પણ જોવા મળ્યા હતા. બાબા રામદેવે ૨૦૧૯માં કહ્યું હતું કે તેઓ ભિખારી છે અને દેશ માટે કામ કરે છે. તેમણે કહ્યું કે તેઓ દેશને મજબૂત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે અને પતંજલિના દેશના ફાયદા માટે કામ કરે છે. તેમણે કહ્યું હતું કે પતંજલિ ૧૦,૦૦૦ કરોડ રૂપિયાની કંપની બની ગઈ છે. બાબા રામદેવનો ઝડપી વિકાસ કેટલીક વિદેશી કંપનીઓ માટે ઇર્ષ્યાનું કારણ બની ગયો છે.

બાબા રામદેવે પતંજલિના લેટરપેડ પર ડોક્ટરોને ૨૫ મૂંઝવનારા પ્રશ્નો પૂછ્યા હતા. તેમના પ્રશ્નો પૈકી ડોક્ટરોને પૂછવામાં આવ્યું હતું કે હાઇપરટેન્શન, ડાયાબિટીસ, થાઇરોઇડ, સંધિવા અને અસ્થમા જેવા રોગોના કાયમી ઉકેલો શું છે? તેમણે પૂછ્યું છે કે ફેટી લિવર, લિવર સિરોસિસ અને હેપેટાઇટિસ મટાડવા માટે એલોપથી પદ્ધતિ કઇ દવા ધરાવે છે? રામદેવે કહ્યું હતું કે જેમ તમે ટી.બી. અને શીતળા વગેરેનો કાયમી ઉકેલ શોધી કાઢ્યો છે, તેવી જ રીતે લીવરના રોગોનો પણ કાયમી ઉકેલ શોધો. એલોપેથી શરૂ થયાને ૨૦૦ વર્ષ થઈ ગયા છે. કૃપા કરીને મને કહો કે શું ફાર્મા ઉદ્યોગ પાસે વૃદ્ધત્વની પ્રક્રિયાને ઉલટાવી શકાય તેવી કોઈ દવા છે? અથવા એવી કોઈ દવા છે જે તમામ પ્રકારના માદક દ્રવ્યોના વ્યસનમાંથી છૂટકારો મેળવવામાં મદદ કરી શકે? તેમણે એમ પણ પૂછ્યું છે કે ઓક્સિજન સિલિન્ડરનો ઉપયોગ કર્યા વિના કોરોનાના દર્દીમાં ઓક્સિજન વધારવાનો ઉપાય શું છે? રામદેવના આ સવાલોમાં કટાક્ષની ઝલક પણ જોવા મળે છે. તેમણે પૂછ્યું હતું કે જો એલોપેથી તમામ ગુણોથી ભરપૂર છે તો પછી એલોપેથીના ડોક્ટરોએ બીમાર કેમ પડવું જોઇએ? તેમના પ્રશ્નો પરથી એવું લાગે છે કે જાણે તેઓ કહેતા હોય કે તેમની પાસે દરેક રોગોનો ઈલાજ છે પણ ડોક્ટરો પાસે તે વીસ રોગોનો કોઈ ઈલાજ નથી.

બાબા રામદેવને વિવાદોમાં રહેવાની મજા આવે છે. વર્ષ ૨૦૦૬માં જ કમ્યુનિસ્ટ પાર્ટીનાં નેતા વૃંદા કરાતે આરોપ લગાવ્યો હતો કે બાબા રામદેવની ફાર્મસીમાં બનતી દવાઓમાં પ્રાણીઓ અને માનવ હાડકાંનો પાવડર ભેળવવામાં આવ્યો હતો. આ અંગે ઘણો વિવાદ થયો હતો. રામદેવે ઘણી વખત કહ્યું છે કે સમલૈંગિકતા એક રોગ છે અને આયુર્વેદમાં તેનો ઈલાજ છે. આ અંગે પણ ભારે હોબાળો થયો હતો. ૨૦૧૩માં રામદેવે એક રેલીમાં એવું કહીને હંગામો મચાવ્યો હતો કે ટોપી પહેરનારાઓ ભારત માતા કી જય નથી કહેતા. આ પછી તેમની ખૂબ ટીકા થઈ હતી. તેમણે રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી પર ઘણી અંગત અને વાંધાજનક ટિપ્પણીઓ કરી હતી, જેના પછી કોંગ્રેસ શાસિત ઘણાં રાજ્યોમાં તેમની વિરુદ્ધ FIR નોંધવામાં આવી હતી અને તેમની વિરુદ્ધ પ્રદર્શનો પણ કરવામાં આવ્યા હતા. ભારતમાં ડોક્ટરોની સર્વોચ્ચ સંસ્થા ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (IMA) એ કહ્યું છે કે ભૂતકાળમાં પણ રામદેવે સ્વાસ્થ્ય મંત્રીની હાજરીમાં ડોક્ટરોને હત્યારા કહ્યા હતા. ૨૦૦૮માં IMA એ આધુનિક દવાની પ્રેક્ટિસ કરતા ડોક્ટરો વિરુદ્ધ રામદેવની ટિપ્પણીની ટીકા કરી હતી. બાબા રામદેવે યોગ શિબિર દરમિયાન કહ્યું હતું કે ડોક્ટરો રોગોના પ્રચારક છે અને દર્દીઓની બીમારીઓને રોકડી કરી રહ્યા છે. બાબા રામદેવે હવે સુપ્રીમ કોર્ટમાં માફી માગી લીધી છે, પણ તેને કારણે બાબાને પ્રસિદ્ધિમાં રહેવાની તક મળી ગઈ હતી.

વર્ષ ૨૦૦૬માં કમ્યુનિસ્ટ પાર્ટીનાં નેતા વૃંદા કરાતે આરોપ લગાવ્યો હતો કે બાબા રામદેવની ફાર્મસીમાં બનતી દવાઓમાં પ્રાણીઓ અને માનવ હાડકાંનો પાવડર ભેળવવામાં આવ્યો હતો

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૭૫૦	કોપરેલ	૨૭૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૬૦૦	વનસ્પતિ ઘી	૧૮૫૦
સીંગતેલ (૫ લી)	૮૫૦	સનફ્લાવર	૧૭૦૦
કપાસીયા (૧૫ કિ.)	૧૮૨૦	તલતેલ	૬૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૧૬૯૦	દિવેલ	૨૨૦૦
કપાસીયા (૫ લિ.)	૬૪૦	મકાઇ તેલ	૧૯૫૦
સરસીયું તેલ	૨૧૦૦		

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૭૧૨૪૦
તેજાબી સોનું	૭૧૧૫૦
દાગીના-૨૨ કેરેટ	૬૭૬૭૮
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૬૯૮૧૫
સોનાનાં બિસ્કીટ	૭૧૨૪૦૦
ચાંદી (૯૯૯)	૭૮૧૭૦
ચાંદી સિક્કા	૭૯૬૭૦

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૨૦૦
એમ-૩૦	૪૧૫૦
એસ-૩૦	૪૧૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૦૫૦
એસ-૩૦	૪૦૦૦

રૂા. ૭૦/- થી શરૂ
ફેમિલી, કોમેડી, રોમાંન્ટિક ડ્રામા

ક્રૂ * તબ્બુ * કરિનાકપુર ખાન * કૃતિ સૈનન * દિલજીત દોસાંઝ * કપિલ શર્મા
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
સુપરહીટ એકશન હોરર થીલર

શૈતાન * અજય દેવગન * આર.માધવન * જાનકી
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

Valentine Multiplex DOLBY ATMOS
ક્રૂ * તબ્બુ * કરિનાકપુર ખાન * કૃતિ સૈનન * દિલજીત દોસાંઝ * કપિલ શર્મા ૯.૩૦, ૧૦.૨૦, ૧૨.૪૫, ૩.૧૦, ૫.૩૫, ૭.૫૫, રાત્રે ૧૦.૨૦
ગોડઝીલા vs કોંગ 2D : હિન્દી : ૯.૫૦, ૨.૨૦, ૪.૪૫, ૭.૧૦, રાત્રે ૯.૩૦ 3D : હિન્દી : ૧૨.૦૫
યોદ્ધા ૫.૦૫ | મડગાંવ એક્સપ્રેસ ૧૧.૪૫, ૨.૨૫, ૭.૩૫, રાત્રે ૧૦.૧૫
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

ROONGTA Multiplex CINEMAS શ્યામ મંદિરની સામે, વીઆઇપી રોડ, વેસુ, સુરત.
ક્રૂ * તબ્બુ * કરિનાકપુર ખાન * કૃતિ સૈનન * દિલજીત દોસાંઝ * કપિલ શર્મા ૯.૦૦, ૧૦.૨૦, ૧૧.૨૦, ૧૨.૪૫, ૧.૪૫, ૩.૧૦, ૪.૧૦, ૫.૩૦, ૬.૩૦, ૭.૫૫, રાત્રે ૮.૫૫, ૧૦.૨૦, ૧૧.૧૫
ગોડઝીલા vs કોંગ English : ૯.૧૦, ૧.૪૫, ૬.૧૫ હિન્દી : ૧૧.૩૦, ૪.૦૦, રાત્રે ૮.૩૦, ૧૦.૪૫
મડગાંવ એક્સપ્રેસ ૯.૦૦, ૨.૨૦, ૭.૪૫, રાત્રે ૧૦.૨૫ | શૈતાન ૧૧.૪૫, ૫.૧૦
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

CITY PLUS MULTIPLEX ફ્રી પાર્કીંગ
ક્રૂ * તબ્બુ * કરિનાકપુર ખાન * કૃતિ સૈનન * દિલજીત દોસાંઝ * કપિલ શર્મા ૯.૧૫, ૧૧.૦૦, ૧.૧૫, ૩.૩૦, ૪.૪૫, ૭.૧૫, રાત્રે ૯.૩૦
ગોડઝીલા vs કોંગ 2D : સવારે ૧૧.૩૦ 3D : ૫.૪૦, રાત્રે ૮.૦૦, ૧૦.૨૦
મડગાંવ એક્સપ્રેસ ૧૦.૦૦, ૧૨.૩૫, ૧.૫૦, રાત્રે ૯.૫૫
યોદ્ધા ૬.૪૫ | આર્ટિકલ-370 એક શો : ૩.૧૫
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.
ફોન બુકીંગ માટે : 93288 81222, 93275 42854

CINEZZA Multiplex ડીમાર્ટની બાજુમાં, જહાંગીરપુરા, સુરત.
ક્રૂ * તબ્બુ * કરિનાકપુર ખાન * કૃતિ સૈનન * દિલજીત દોસાંઝ * કપિલ શર્મા ૯.૦૦, ૧૧.૩૦, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦, રાત્રે ૯.૩૦
ગોડઝીલા vs કોંગ 2D : હિન્દી : ૯.૩૦, ૨.૩૦, ૭.૩૦ 3D : હિન્દી : ૧૨.૦૦, ૫.૦૦, રાત્રે ૧૦.૦૦
યોદ્ધા ૯.૧૫, ૧૧.૪૫, ૭.૩૦, રાત્રે ૧૦.૦૦ | મડગાંવ એક્સપ્રેસ ૯.૪૫, ૨.૧૫, ૬.૪૫, રાત્રે ૯.૪૫
કસૂંબો ગુજરાતી : ૩.૪૫ | શૈતાન ૧૨.૪૫, ૫.૦૦
થિયેટર પર અને bookmyshow.com પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.